(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખી ક્યા પાઠમાં છે? તે લખો.** **(૩)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. વિષય–વિકાર વધે તેવા વચનો બોલવા | **કંદપ્પે** | **આઠમા વ્રતમાં** |
| ૨. મનને અતિ વહાલું | **મણામં** | **સંથારાના પાઠમાં** |
| ૩. અશુદ્ધ ભિક્ષા | **અપરિસુદ્ધં** | **બીજા શ્રમણસૂત્રમાં** |

**(આ) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૩)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. આમોસે | **વગર પૂંજ્યે શરીર ખંજવાળવાથી** | ૨. અવિસંધિ | **વિચ્છેદ રહિત અર્થાત્ સદા શાશ્વત** |
| ૩. એવમાઈએહિં | **ઈત્યાદિ** | ૪. જત્તા ભે | **આપની સંયમયાત્રા સુખરૂપ છે** |
| ૫. કલહ | **કજિયો–લડાઈ–ઝઘડા** | ૬. માલા વણ્ણગ | **ફૂલની માળા, ચંદન** |

**(ઇ) અહીં આપેલા શબ્દો ક્યા પાઠમાં આવે છે?** **(૩)**

જાડી–**બીજા ખામણામાં**　　હાસ્યે–**આલોયણા સૂત્રમાં**　　ખમંતુ–**ક્ષમાપના સૂત્ર,**

નિર્વેદ–**પ્રતિક્રમણ સમાપ્તિ સૂત્ર**　　રય–**સામાયિકના પાંચમા પાઠમાં**　　સત્થ–**અગિયારમા વ્રતમાં**

**પાંચમા અને બીજા શ્રમણસૂત્રમાં**

**(ઈ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. પાંચ પદમાં ઊંઘે અને બોલે કેટલા? ક્યા?

**જ. પાંચ પદમાં ઊંઘે ત્રણ આચાર્ય, ઉપાધ્યાય, સાધુ–સાધ્વી અને બોલે ચાર સિદ્ધ સિવાયના.**

૨. શ્રાવકના અનાચાર કેટલા? ક્યા પાઠમાં આવે છે?

**જ. શ્રાવકના અનાચાર આઠ છે. તે પ્રતિક્રમણના બીજા પાઠમાં આવે છે.**

૩. પરિષહ એટલે શું? તે કેટલા છે?

**જ. પરિષહ એટલે મોક્ષમાર્ગમાં સ્થિર રહેવા અને કર્મ નિર્જરાના હેતુથી જે સમભાવપૂર્વક સહન કરવામાં આવે છે. તે ૨૨ છે.**

૪. પાખી પ્રતિક્રમણ ક્યારે કરાય? તે કેટલા છે?

**જ. પાખી પ્રતિક્રમણ મહિનામાં બે વાર સાંજે અમાસ અને પૂનમના દિવસે કરાય છે. તે ૨૧ છે.**

૫. પહેલા ચાર યતિધર્મના નામ લખો.

**જ. ૧) ખંતિ, ૨) મુત્તિ, ૩) અજ્જવે, ૪) મદ્દવે.**

૬. ખમાસમણો એટલે શું?

**જ. ખમાસમણો એટલે ક્ષમાશ્રમણ, જે ક્ષમાપૂર્વક તપ કરે તે.**

(૫૫)

**પ્ર.૨ (અ) ડાલાપાલાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૫)**

૧. પ્રતિશલાકા પાલો કેવી રીતે ભરવાનો? (૭ થી ૮ લાઈનમાં) (૫)

**જ. શલાકા પાલો જે ભરેલો છે તેને ઉપાડીને સરસવના દાણા આગળના દ્વીપ–સમુદ્રમાં નાંખે. જ્યારે શલાકા પાલો ખાલી થાય ત્યારે એક સરસવનો દાણો પ્રતિશલાકામાં નાંખે. અનવસ્થિત પાલાના દાણાને આગળના દ્વીપ–સમુદ્રમાં નાંખી તેને ખાલી કરે. તે ખાલી થવાના પ્રતિકરૂપે એક દાણો શલાકામાં નાંખે. નવા નવસ્થિત પાલા બનાવતા જવાનું અને તેને ઉપરની વિધિથી ખાલી કરતા જવાનું. અનવસ્થિત પાલો ખાલી થવા પર એક દાણો શલાકામાં નાંખતા જવાનું. આમ શલાકા પાલો ભરવાનો. એને ઉપરની વિધિ પ્રમાણે ખાલી કરીને બીજો દાણો પ્રતિશલાકામાં નાંખવાનો. ઉપરની વિધિ પ્રમાણે અનવસ્થિતને ખાલી કરતા જવાનું અને એકેક દાણો શલાકામાં નાંખતા જવાનું. આમ વારંવાર ઉપરની વિધિ પ્રમાણે વારંવાર શલાકા પાલાને ભરીને પાછો**

**ખાલી કરીને તેના પ્રતિકરૂપે એક દાણો પ્રતિશલાકામાં નાંખવાનો. આમ આ રીતે પ્રતિશલાકા પાલો ભરવાનો.**

૨. જઘન્ય પરિત્ત અસંખ્યાતા કેવી રીતે મળે? (૨×૨)

**જ. ચારે પાલા ભરાઈ જવા પર તે ચારે પાલાના સરસવના દાણાં તથા છેલ્લો દાણો જે દ્વીપ કે સમુદ્રમાં પડ્યો હતો ત્યાંથી પ્રથમ દ્વીપ જંબૂદ્વીપ સુધી પડેલા બધા દાણાંને ભેગા કરવા અને એક ઢગલો કરવો. તે બધા દાણાંની ગણના કરતા જે સંખ્યા આવી તેને જઘન્ય પરિત્ત અસંખ્યાત કહેવાય.**

૩. પાણીના એક ટીપાંમાં કેટલા જીવો હોય? કેવી રીતે?

**જ. પાણીના એક ટીપાંમાં અસંખ્યાત પર્યાપ્ત જીવ હોય છે. પાણીના એક ટીપાંમાંથી જીવો નીકળીને જો સરસવ જેવડું શરીર બનાવે તો ૧ લાખ યોજનના જંબૂદ્વીપમાં સમાય નહીં. એવા સંખ્યાત જંબૂદ્વીપ ભરાઈ જાય તો પણ ઘણા જીવ બહાર રહી જાય એટલા જીવો પાણીના એક ટીપાંમાં હોય છે.**

૪. મધ્યમ યુક્ત અસંખ્યાતા એટલે શું? (૧×૬)

**જ. જઘન્ય યુક્ત અસંખ્યાતા અને ઉત્કૃષ્ટ યુક્ત અસંખ્યાતા વચ્ચેની દરેક સંખ્યા મધ્યમ યુક્ત અસંખ્યાતા છે.**

૫. જઘન્ય અનંત અનંતા પછી કોનું સ્થાન છે? અનંતાના કેટલા પ્રકાર છે?

**જ. જઘન્ય અનંત અનંત પછી મધ્યમ અનંત અનંતનું સ્થાન છે. અનંતાના ૯ પ્રકાર છે.**

૬. કંદમૂળમાં કેટલા જીવ હોય? તેને શાસ્ત્રની ભાષામાં શું કહેવાય?

**જ. કંદમૂળમાં અનંત જીવ હોય. તેને શાસ્ત્રની ભાષામાં આઠમા અનંતા (મધ્યમ મધ્યમ અનંત અનંત) કહેવાય.**

૭. ઉત્કૃષ્ટ સંખ્યાતા કેવી રીતે મળે?

**જ. જઘન્ય પરિત્ત અસંખ્યાતામાં એક દાણો (એક સંખ્યા) ન્યૂન સંખ્યા કરવાથી મળે.**

૮. શલાકા પાલો કોના આકારે છે? તેની જગતી હોય કે નહિ? હોય તો કેટલી?

**જ. શલાકા પાલો ધાન્ય માપવાની પાલીના આકારે છે. તેને જગતી હોય. તેની જગતી ૮ યોજન છે.**

૯. અસંખ્યાતાના બીજો, પાંચમો, આઠમો ભેદ લખો.

**જ. અસંખ્યાતાનો બીજો ભેદ મધ્યમ પરિત્ત અસંખ્યાતા, પાંચમો ભેદ મધ્યમ યુક્ત અસંખ્યાતા, આઠમો ભેદ મધ્યમ મધ્યમ અસંખ્યાતા.**

**(આ) પુદ્ગલ પરાવર્તનના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. સૂક્ષ્મ ભાવ પુદ્ગલ પરાવર્તન એટલે શું?

**જ. એક જીવ પોતાના મરણ દ્વારા અનુભાગ બંધ અથવા રસબંધના કારણરૂપ સમસ્ત અધ્યવસાય સ્થાનોને ક્રમથી જેટલા સમયમાં સ્પર્શ કરી લે છે તેને સૂક્ષ્મ ભાવ પુદ્ગલ પરાવર્તન કહે છે.**

૨. ચક્ષુઈન્દ્રિય સંબંધી શું વિચાર કરવો જોઈએ?

**જ. દુનિયામાં દેખાતી ખરાબ વર્ણવાળી વસ્તુઓ જે પુદ્ગલની છે તે જ પુદ્ગલની છે તે જ પુદ્ગલ અનંતીવાર આપણને ઔદારિક શરીરરૂપે ભૂતકાળમાં હતા. જે સૌંદર્યવાન પુદ્ગલ દેખાય છે તે જ પુદ્ગલ કુરુપપણે આપણા ઔદારિક શરીરરૂપે ભૂતકાળમાં હતા.**

૩. મન, કાર્મણ, ઔદારિક અને શ્વાસોચ્છ્વાસ પુદ્ગલ પરાવર્તનના કાળ અપેક્ષા અલ્પબહુત્વ લખો.

**જ. સર્વથી થોડા કાર્મણ પુદ્ગલ પરાવર્તન, તેથી ઔદારિક પુદ્ગલ પરાવર્તન અનંતગુણા, તેથી શ્વાસોચ્છ્વાસ પુદ્ગલ પરાવર્તન અનંતગુણા, તેથી મન પુદ્ગલ પરાવર્તન અનંતગુણા.**

૪. ૩૪૩ પ્રશ્ન કેવી રીતે થાય? તે ટૂંકમાં સમજાવો. (૨ થી ૩ લાઈન)

**જ. સર્વ જીવે સાત પુદ્ગલ પરાવર્તન અનંત અનંત કર્યા તેના ૭ પ્રશ્ન થયા. ૨૪ દંડકના એકેક જીવે અને ૨૪ દંડકના ઘણા જીવોએ ભૂતકાળમાં અનંત પુદ્ગલ પરાવર્તન કર્યા ને ભવિષ્યમાં કોઇ કરશે, કોઇ નહિ કરે. જે કરશે તે અનંત કરશે. ૨૪×૭=૧૬૮. ૧૬૮ એક જીવ આશ્રી, ૧૬૮ ઘણા જીવ આશ્રી. ૭+૧૬૮+૧૬૮=૩૪૩.**

૫. પુદ્ગલનું પરિવર્તન કેવી રીતે થાય છે?

**જ. પરમાણુ પુદ્ગલોના સંયોજનથી ને વિભાજનથી પુદ્ગલોનું અનંત અનંત પરિવર્તન થાય છે. એક પરમાણુ,**

**દ્વિપ્રદેશી સ્કંધ સાથે ભેગા થવા પર અનંત પરિવર્તન થાય છે.**

**(૨) નીચેના જીવો ભૂત અને ભવિષ્યમાં કેટલા પુદ્ગલ પરાવર્તન કરશે?** **(૫)**

| | ભૂતકાળ | ભવિષ્યકાળ |
|---|---|---|
| ૧. બ્રહ્મલોકે મનુષ્યપણે આહારક | **આહારકનું પુદ્ગલ પરાવર્તન થતું નથી.** | |
| ૨. જુગલિયાએ મન | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૩. ઘોડાના જીવે વાયરાપણે વૈક્રિય | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૪. માખીના જીવે ગરમરપણે શ્વાસોચ્છ્વાસ | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૫. માઘવતીના જીવે પરમાધામીપણે કાર્મણ | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |

**(ઇ) આયુષ્યના ૧૮૦૦ ભાંગાના આધારે જવાબ લખો.** **(૧૩)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**૧. કેટલા જીવો ઉત્પન્ન થાય? સઅંતર કે નિરંતર?** (૩)

જ. ૧) અપઈટ્ઠાણ નરક – **સઅંતર, નિરંતર, ૧, ૨, ૩ યાવત્ સંખ્યાતા**

૨) કીડી – **સઅંતર, નિરંતર, ૧, ૨, ૩ યાવત્ સંખ્યાતા, અસંખ્યાતા**

૩) સૂરણ – **નિરંતર, અનંતા**

૨. કયા બોલ સાથે જીવ આયુષ્ય બાંધે? આયુષ્યના ૧૫૦ ભાંગા કેવી રીતે થાય? (૨×૫)

**જ. જાતિ નામ નિદ્ધત આયુ, ગતિ નામ નિદ્ધત આયુ, સ્થિતિ નામ નિદ્ધત આયુ, અવગાહના નામ નિદ્ધત આયુ, પ્રદેશ નામ નિદ્ધત આયુ, અનુભાવ નામ નિદ્ધત આયુ. સમુચ્ચય જીવ અને ૨૪ દંડકના એકેક જીવ ઉપરના છ બોલ સાથે બંધ કરે, તેથી ૨૫×૬=૧૫૦ ભાંગા થાય.**

૩. આયુષ્યના ૧૮૦૦ ભાંગા કયા સૂત્રનો અધિકાર છે? અંગ છે કે ઉપાંગ? કાલિક છે? આયુષ્ય કોણ ન બાંધે?

**જ. આયુષ્યના ૧૮૦૦ ભાંગા પન્નવણા સૂત્ર છનો અધિકાર છે. તે ઉપાંગ સૂત્ર છે. કાલિક નથી ઉત્કાલિક છે. આયુષ્ય ચરમ શરીરી જીવો અને તીર્થંકર ન બાંધે.**

૪. ૨૪૩ વર્ષના સોપક્રમી આયુષ્યવાળો આયુષ્ય બંધ ક્યારે ક્યારે કરે?

**જ. ૧૬૨ વર્ષે, ૨૧૬ વર્ષે, ૨૩૪ વર્ષે, ૨૪૦ વર્ષે, ૨૪૨ વર્ષે, ૨૪૨ વર્ષ ૮ મહિના, ૨૪૨ વર્ષ ૧૦ મહિના ૨૦ દિવસ આમ કરતા કરતા આયુષ્યનો બંધ ત્રીજા ભાગે ન પડે તો છેલ્લા અંતર્મુહૂર્તમાં અવશ્ય પડે છે.**

૫. કયું આયુષ્ય કેટલા કારણે તૂટે છે? તેમાંથી પહેલું અને પાંચમું કારણ લખો.

**જ. સોપક્રમી આયુષ્ય સાત કારણે તૂટે છે. તેમાંથી ૧) અધ્યવસાય – અતિ હર્ષ, અતિ શોક કે અતિ ભય વગેરેથી ૫) પરાઘાત – વીજળી પડવી, ખાડામાં પડવું, વૃક્ષ કે મકાન વગેરે પડવાથી.**

૬. નિરૂપક્રમી આયુષ્ય એટલે શું? તેનું બીજું નામ શું છે? તે આયુષ્યનો બંધ ક્યારે કરે?

**જ. ઉપક્રમ રહિત એટલે કોઇપણ કારણથી આયુષ્ય તૂટતું નથી. તેનું બીજું નામ અપર્વતનીય આયુષ્ય છે. દેવના, ૧૩ દંડક, નારકીનો ૧ દંડક, જુગલિયા મનુષ્ય, જુગલિયા તિર્યંચ, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ આયુષ્યના છ માસ બાકી રહે ત્યારે આયુષ્ય બાંધે. ઔદારિકના ૧૦ દંડકમાં જેનું આયુષ્ય નિરૂપક્રમી હોય તેઓ નિશ્ચયે આયુષ્યના ત્રીજા ભાગે આયુષ્ય બાંધે.**

**(ઈ) વિરહપદના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૨)**

૧. ૨૪ મુહૂર્ત, સંખ્યાતા હજાર વર્ષ અને ૧૫ દિવસનો વિરહ કોનો પડે છે? (૬)

**જ. ૨૪ મુહૂર્ત – પહેલી નરક, ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી, પહેલું દેવલોક, બીજું દેવલોક, સંમૂર્ચ્છિમ મનુષ્ય. સંખ્યાતા હજાર વર્ષ – ગ્રૈવેયકની બીજી ત્રિક. ૧૫ દિવસ – સમુચ્ચ્ય ગ્રહણ, નવીન સાધુ, ત્રીજી નરક.**

૨. વાંદા, વિજય વિમાન, વીજળી અને મશરૂમનો ઉત્કૃષ્ટ વિરહ લખો. (૨×૩)

| **જ.** | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** |
|---|---|---|
| **વાંદા** | **૧ સમય** | **અંતર્મુહૂર્ત** |

| | | |
|---|---|---|
| **વિજય વિમાન** | **૧ સમય** | **પલ્યના અસંખ્યાતમા ભાગનું** |
| **વીજળી** | **વિરહ પડતો નથી.** | |
| **મશરૂમ** | **વિરહ પડતો નથી.** | |

૩. સૌથી સુંદર જગ્યાએ કેટલા વર્ષો સુધી જવાતું નથી? સારી જગ્યાએ જવા માટે શું કરવું જોઈએ?

**જ. સૌથી સુંદર જગ્યાએ ક્યારેક અસંખ્યાત વર્ષ સુધી કોઇ જીવ જતા જ નથી. સારી જગ્યાએ જવા માટે સાધના, આરાધના અને મહેનત વધારે કરવી જોઇએ.**

૪. ભયંકર દુ:ખનું સ્થાન કયું છે? ત્યાં કેટલો વિરહ પડે છે? ત્યાં કેટલી ગતિમાંથી જવાય? આપણે શેમાં નંબર લગાડવાનો નથી?

**જ. ભયંકર દુ:ખનું સ્થાન નરક છે. ત્યાં જઘન્ય ૧ સમય ઉત્કૃટ ૧૨ મુહૂર્તનો વિરહ પડે છે. ત્યાં મનુષ્ય અને તિર્યંચ બે ગતિમાંથી જવાય. આપણે પાપીમાં નંબર લગાડવાનો નથી.**

૪. ૧૫ કર્મભૂમિમાં સામાયિક અને પરિહાર વિશુદ્ધનો વિરહ લખો.

**જ. ૫ ભરત, ૫ ઈરવતમાં સામાયિકનો વિરહ જ. ૬૩૦૦૦ વર્ષ ઝાઝેરો અને ઉ. ૧૮ ક્રો.ક્રો.સાગર દેશે ઊણા. પરિહાર વિશુદ્ધિનો વિરહ જ. દેશે ઊણા ૮૪૦૦૦ વર્ષ અને ઉ. ૧૮ ક્રો.ક્રો.સાગર દેશે ઊણા. મહાવિદેહ ક્ષેત્રમાં સામાયિકનો વિરહ નથી અને પરિહાર વિશુદ્ધિ ચારિત્ર મહાવિદેહમાં નથી.**

**(૧૦)**

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. વસ્તુ બગડી જાય તો મારે શું નવો પ્રયોગ કરવો? (કોઇપણ ચાર મુદ્દા)

**જ. ૧) બીજા દ્વારા વસ્તુ બગડી જાય કે તૂટી જાય એવું ક્યારેક મારાથી પણ થઈ શકે છે. ૨) વસ્તુ તૂટી ગઈ, બગડી ગઈ તે પુદ્ગલ છે. પરિણામ શા માટે બગાડવા? ૩) જે વસ્તુનું સર્જન થાય છે તે એક દિવસ બગડે છે અને નાશ પણ થાય છે. પુદ્ગલનો સ્વભાવ જ એવો છે. ૪) જેટલી સ્થિતિના પુણ્ય હોય તેટલા સાધન આપણી પાસે રહે છે. ઊંયોગ છે એનો વિયોગ છે. ૫) મને મળેલા બધા સંયોગો કર્મને આધીન છે. તેમાં મારું કે કોઈનું ચાલતું નથી. ૬) કોઇની ભૂલ માફ કરવાથી તપ દ્વારા સંવર તથા નિર્જરાનો લાભ મળે. ૭) વસ્તુ બગડી જાય તેનો શોક કરવાથી અશાંતિ થાય, સંબંધોમાં તિરાડ પડે, ઘણા કર્મોનો બંધ થાય માટે શોક કરવો નહિ. ૮) વસ્તુ બગડે તો આત્માને નુકસાન નથી પરંતુ ભાવ બગડે તો જરૂર નુકસાન છે. ૯) કપિલ મુનિએ મારે કાંઈ નથી જોઇતું એવા પરિણામથી કેવળ્અજ્ઞાન મેળવી લીધું, તો એવા પરિણામ કરવામાં હું શા માટે પાછળ રહી જાઉં?**

૨. નારકી વચનનો ઉપયોગ શું કરે છે? વચન ઘડતર માટેના મુદ્દાના માત્ર નામ લખો.

**જ. નારકી વચનનો ઉપયોગ મારો, કાપો વગેરે અશુભ વચનો બોલવામાં કરે છે. વચન ઘડતરના મુદ્દા : ૧) વચનનું નિરીક્ષણ ૨) વચનનો કાબુ ૩) અવગુણોથી મુક્તિ ૪) ગુણ પ્રાગટ્ય ૫) નવા વિવાદ નહિ ૬) ધર્મસાધના.**

૩. મનના ઘડતરનું ફળ શું છે? ધર્મનો સાર શું છે?

**જ. મનના ઘડતરનું ફળ : ૧) દેવ, ગુરુ, ધર્મ પ્રત્યે ભક્તિ વધે ૨) વિકલ્પો ઓછા થાય ૩) એકાવતારી પદ અથવા મોક્ષ અપાવે. ધર્મનો સાર સમતાભાવ છે.**

૪. આત્માને શેનાથી બચાવવો? શેનાથી અટકાવવો? શેનાથી મુકત કરવો? આત્માનું દમન કેવી રીતે કરવું?

**જ. આત્માને રાગ-દ્વેષથી બચાવવો. વિષય-કષાયથી અટકાવવો. આરંભ અને પરિગ્રહથી મુક્ત કરવો. સ્વવશપણે આત્માનું દમન કરવું.**

૫. સાધનાનો સાર શું છે? કયા જીવો એક સ્થાનેથી બીજે સ્થાને જતા નથી? શા માટે?

**જ. વિવિધ ગતિના જીવોના શરીર જાણીને અશરીરી બનવાનો પુરુષાર્થ કરવો તે જ સાધનાનો સાર છે. અનંતા એકેન્દ્રિય જીવો એક સ્થાનેથી બીજે સ્થાને જતા નથી કારણ કે તે જીવોને સ્થાવર નામ કર્મનો ઉદય છે. માટે.**

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે થી ત્રણ લીટીમાં લખો.**

૧. કોઇ એક સમયે તામલી તાપસને રાત્રિના પાછલા પ્રહરે શું વિચાર આવ્યો? (૨×૩)

**જ. મારા પૂર્વના ભવના પુણ્યના પ્રભાવે મારા ઘરમાં સોનું, ચાંદી, ધન, ધાન્ય, કનક, રત્ન, મણિ, મોતી, શંખ વગેરે વધતા જ રહેલ છે. તે પૂર્વે કરેલા પુણ્ય મારા ખર્ચાઈ રહેલ છે. વર્તમાનના લાભમાં મારા ભવિષ્યની ઉપેક્ષા કરવી યોગ્ય નથી. માટે મારે આત્મકલ્યાણ કરી લેવું તે મારા માટે શ્રેયસ્કર છે.**

૨. પોટ્ટિલાના માતા-પિતાનું નામ શું હતું? તેતલીપુત્રએ શા માટે પોટ્ટિલાની માંગણી કરી?

**જ. પોટ્ટિલાના માતા-ભદ્રા, પિતા-કલાદ નામના સોનીપુત્ર હતા. એક દિવસ પોટ્ટિલા સોનાના દડાથી રમતી હતી. સોનીપુત્રના ઘર પાસેથી પાસેથી તેતલીપુત્ર પ્રધાને તેને જોઇ. તેના રૂપ, લાવણ્યથી આકર્ષિત થઈને પોટ્ટિલાની માંગણી તેના પિતા પાસે કરી.**

૩. ભવ્યસિદ્ધિક જીવો મોક્ષે જાય તો પણ લોક શા માટે ભવી જીવ વગરનો નહિ રહે?

**જ. જે રીતે આકાશની એક શ્રેણી અનાદિ અનંત અને એક પ્રદેશી હોવાથી બંને તરફથી પરિમિત તથા અન્ય શ્રેણીઓથી ચારે બાજુથી ઘેરાયેલી છે. તેમાંથી સમયે સમયે એકેક પરમાણુ પુદ્ગલ ખંડ કાઢીએ તો અનંત ઉત્સર્પિણી અને અનંત અવસર્પિણી કાઢવા છતાં તે શ્રેણી ખાલી થતી નથી. તેમ સર્વ ભવ્યસિદ્ધિક જીવો મોક્ષે જાય તો પણ લોક ભવી જીવ વગરનો નહિ રહે.**

૪. એક વાક્યમાં જવાબ લખો. (૪)

૧) તામલી તાપસને ઈન્દ્રની પદવી કેવી રીતે મળી?

**જ. તામલી તાપસે નિયાણું ન કર્યું તેથી ઈન્દ્રની પદવી મળી.**

૨) પોટ્ટિલાએ પહેલીવાર ધર્મ સાંભળી શું સ્વીકાર્યું?

**જ. પોટ્ટિલાએ પહેલીવાર ધર્મ સાંભળીને પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતરૂપ શ્રાવકધર્મ સ્વીકાર્યો.**

૩) ઉદાયન રાજાના માતા-પિતા-ફૈબા-નાનાનું નામ લખો.

**જ. ઉદાયન રાજાના માતા-મૃગાવતી, પિતા-શતાનીક, ફૈબા-જયંતી શ્રમણોપાસિકા, નાના-ચેટક.**

૪) પોટ્ટિલાએ દીક્ષા લીધા પછી કેટલું અધ્યયન કર્યું? ક્યાં ઉત્પન્ન થયા?

**જ. પોટ્ટિલાએ દીક્ષા લીધા પછી ૧૧ અંગ સૂત્રોનું અધ્યયન કર્યું. દેવલોકમાં ઉત્પન્ન થયા.**

(૧૦)

**પ્ર.૫ નીચેના જવાબ કાવ્યના આધારે લખો.**

૧. કુંભાર, બિલ્લી, ઓડ, કલહથી શરૂ થતી કડી પૂર્ણ કરો. (૮)

**જ. કુંભારના ભવે મેં કીધા, કાચાં નિંભાડા પકવ્યા,**
**તેલી ભવે તલ પીલ્યા, પાપે પિંડ ભરાવ્યા.**
**બિલ્લી ભવે ઉંદર ગળ્યા, ગરોળી હત્યારી,**
**મૂઢ ગમાર તણા ભવે, મેં જૂ લીખ મારી.**
**ઓડના ભવ જે કર્યા, કૂવા વાવ ખોદાવ્યા,**
**સરોવર, તળાવ ગળાવિયા, વળી ટાંકા બંધાવ્યા.**
**કલહ કરી જીવ દુભવ્યા, દીધા કૂડાં કલંક,**
**નિંદા કીધી પારકી, રતિ-અરતિ નિ:શંક.**

૨. સાગારી સંથારો કોણે કર્યો? તે લખી કઈ કડીમાં આવે છે? તે કડી લખો. (૨)

**જ. સાગારી સંથારો રાણી પદ્માવતીએ કર્યો. તે ૪૩ મી કડીમાં આવે છે.**
**હવે રાણી પદ્માવતીએ, કીધા શરણાં ચાર,**
**સાગારી સંથારો કર્યો, જાણપણા અનુસાર.**

**જય - જિનેન્દ્ર**